**વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના "એ. આઇ. સી. આર. પી. ઓન સીડ (ક્રોપ્સ)" અંતર્ગત તા. ૨૬-૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમ્યાન 'મધ્ય ગુજરાતના મુખ્ય પાકોનું બીજ ઉત્પાદન, પ્રોસેસિંગ અને સંગ્રહ' વિષય પર રાજ્ય કક્ષાના તાલીમ કાર્યક્રમનું આયોજન**

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના **"એ. આઇ. સી. આર. પી. ઓન સીડ (ક્રોપ્સ)"** અંતર્ગત વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા **તા. ૨૬-૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૩** દરમ્યાન **'મધ્ય ગુજરાતના મુખ્ય પાકોનું બીજ ઉત્પાદન, પ્રોસેસિંગ અને સંગ્રહ'** વિષય પર રાજ્ય કક્ષાના તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ તાલીમ કાર્યક્રમનાં ઉદ્દઘાટન સમારંભમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડો. કે. બી. કથીરિયા, માનનીય સંશોધન નિયામકશ્રી ડો. એમ. કે. ઝાલા, અને માનનીય સહ સંશોધન નિયામકશ્રી ડો. એસ. એન. શાહ હાજર રહી માર્ગદર્શન આપેલ. માનનીય નોડલ અધિકારીશ્રી (સીડ), ડો. એ. એસ. ભાણવડીયાએ સમગ્ર તાલીમ કાર્યક્રમનું સંકલન અને આયોજન કરેલ.

આ તાલીમમાં બીજ ઉત્પાદન સાથે સંકળાયેલ આણંદ કૃષિ યુનિવર્સિટીના સંબંધિત પાકના વૈજ્ઞાનિકશ્રીઓ, મદદનીશશ્રીઓ તેમજ રાજ્યમાં બીજ ઉત્પાદન કરતા મુખ્ય ઉત્પાદકો ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગુજકોમાસોલ તેમજ ખાનગી ક્ષેત્રની બીજ ઉત્પાદન કંપનીઓના પ્રતિનિધિઓ મળી કુલ '૮૦' જેટલાં તાલીમાર્થીઓએ ભાગ લીધેલ.

પ્રમુખ સ્થાનેથી ઉદ્દબોધન કરતાં અનેક પાકોની સફળ, પ્રચલિત જાતોના સંશોધક માનનીય કુલપતિશ્રી ડો. કે. બી. કથીરિયા સાહેબે જણાવેલ કે ગુજરાતમાં બીજ ઉત્પાદન જરૂરિયાતના પ્રમાણમાં પુરતું થાય છે, તેમજ કેટલાક પાકોમાં બીજા રાજ્યની જરૂરિયાત પણ ગુજરાત સંતોષે છે. બિયારણની ગુણવત્તા જાળવવાની અગત્યતા અને તે માટે પણ તેઓશ્રીએ માર્ગદર્શન આપેલ. ખેડૂત સમુદાયના હિતમાં, રાજ્યના બીજ ક્ષેત્રનાં મોટા 'બે' વિભાગો એટલે કે ગુજરાત રાજ્ય બીજ નિગમ અને ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સીને વર્તમાન તેમજ ભવિષ્યની જરૂરીયાત માટે મજબુત કરવા તેમજ નવી સંશોધિત જાતો ઝડપથી ખેડૂતો સુધી પહોચી તે માટે જાહેર તેમજ ખાનગી ક્ષેત્રના તમામ બીજ ઉત્પાદકોને તેઓશ્રીએ અપીલ કરેલ.

અતિથીવિશેષ સ્થાનેથી માનનીય સંશોધન નિયામકશ્રી ડો. એમ. કે. ઝાલાએ બીજની ખેતીમાં અગત્યતા, બીજની ગુણવત્તા જાળવવા અંગે બીજ ઉત્પાદન માર્ગદર્શિકા, આણંદ કૃષિ યુનિવર્સિટીની સ્થાપનાથી અત્યાર સુધી સંશોધિત '૧૦૭' જાતો, બ્રીડર બીજના ઇન્ડેન્ટ અને ઉત્પાદનની માહિતી આપેલ હતી. બિયારણ ક્ષેત્રે દેશમાં અમલી થયેલ 'SATHI' પોર્ટલ જેવા નવા આયામો, પાકનો બદલાવ, આબોહવાના બદલાવ સાથે જરૂરી પગલાં તેમજ ખેડૂતોની સુવિધા માટે છેલ્લા '૩' વર્ષથી આણંદ કૃષિ યુનિવર્સિટીએ સફળતાપૂર્વક કરેલ ઓનલાઈન બીજ નોંધણી પધ્ધતિનો ઉલ્લેખ કર્યો હતો.

ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી અને નોડલ અધિકારી (સીડ) ડો. એ. એસ. ભાણવડીયાએ, બીજ ક્ષેત્રે વિશ્વની, દેશની અને રાજ્યની સ્થિતિ અને ભવિષ્યની દિશા અંગે માહિતી આપ્યા બાદ, રાજ્યના મુખ્ય પાકોમાં કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા સંશોધિત જાતો અને ખાસ કરીને છેલ્લા પાંચ વર્ષોમાં સંશોધિત જાતોની ખાસિયતો વિષે જણાવી સરખામણી દર્શાવેલ. બીજ બદલાવ દરની સાથે સાથે નવી સંશોધિત જાતોની માહિતી ખેડૂતો સુધી પહોંચાડી, જાત બદલાવ દર વધારવા તેમજ ખેડૂતોને વધુ આવક મળે તે માટે તમામ બીજ ઉત્પાદકોને આહવાન કર્યું હતું. આ પ્રસંગે આણંદ કૃષિ યુનિવર્સિટી સંશોધિત જાતોનાં બિયારણનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ હતું.

તાલીમના બીજા દિવસે વિભાગીય સંશોધન કેન્દ્ર અને મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર ખાતે વિવિધ જાતો અને બીજ ઉત્પાદનના પ્લોટ્સની પ્રત્યક્ષ ફિલ્ડ મુલાકાતનું આયોજન કરવામાં આવેલ હતું.

આ તાલીમ કાર્યક્રમમાં મુખ્ય પાકો ડાંગર, મકાઈ, મગ, અડદ, સોયાબીન, રજકો, ઓટ, ઘાસચારા બાજરી, ઘાસચારા જુવાર, મરચી, ભીંડા, રીંગણ, દુધી, કોળું, ગુવાર, ટામેટા, સુવા, કાકડી, ટેટી વિગેરે શાકભાજીના પાકો તેમજ દેશી કપાસના આણંદ કૃષિ યુનિવર્સિટીના સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓએ તેમજ બિયારણના સંકલિત રોગ-જીવાત/ જૈવિક નિયંત્રણ, પ્રોસેસિંગ અને સંગ્રહ સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકશ્રીઓએ ભાગ લઇ માર્ગદર્શન આપેલ. અંતમાં શ્રી જે. એસ. દોશી દ્વારા ઉદ્દઘાટન સમારંભની આભાર વિધી કરવામાં આવેલ.

*********


ICAR
ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી
પુરસ્કૃત યોજના
'એઆઇસીઆરપી ઓન સીડ(ક્રોપ્સ)'
અંતર્ગત તાલીમ
પ્રોસેસિંગ અને સંગ્રહ'
સપ્ટેમ્બર ૨૦૨૩
Dr. K. B. Kathiria


ICAR
AAU
'એઆઇસીઆરપી ઓન સીડ(ક્રોપ્સ)'
પ્રોસેસિંગ અને સંગ્રહ'




Gram Production in kg/ha




AAU
આણંદ કૃષિ યુનિવર્સિટી
અનુભવ સીડ્સ


S. Bhanvadia





